स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
150 YEARS OF CELEBRATING THE MAHATMA
ગાર્ડન વિભાગ - મહાનગરપાલિકા ભાવનગર

ગા.જા.નં.૩૭૫/તા.૨૦/૦૬/૨૦૨૪

ગાર્ડન સુપ્રિ.શ્રીની કચેરી
સરદારબાગ (પીલગાર્ડન)
ગાર્ડન વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર
તા.૨૦/૦૬/૨૦૨૪

પ્રતિ,
કોન્ટ્રાકટરશ્રી,
મેસર્સ બી.&કે એન્ટરપ્રાઈઝ,
ફ્લેટ નં. ૪૦૧,માધવ રેસીડન્સી-૨,
સ્ટ્રીટ નં. ૪,ગ્રીન સીટી,રણજીતસાગર રોડ,
જામનગર-૩૬૧૦૦૫.

:: દફતરી હુકમ ::

વિષય -> ભાવનગર મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગ હસ્તકના અકવાડા લેકમાં પ્રવેશ ફી, પાર્કિંગ ફી અને ટ્રેન ફી અત્રેથી નિયત કરેલ દરો મુજબ ઉઘરાવી ૫ વર્ષ માટે વાર્ષિક લાઈસન્સ ફી વસુલીને ચલાવવા માટેનું કામ અન્વયે એજન્સી મેસર્સ બી.& કે.એન્ટરપ્રાઈઝને કાળીયાદી (બ્લેકલીસ્ટ) માં મુકવા બાબત

સંદર્ભ -> (૧) સ્ટે.ક.ઠ.નં.૪૯૫ તા.૧૪/૧૦/૨૦૨૨
(૨) સેક્રે.એગ્રી.આ.નં. ૨૫૮ તા. ૨૯/૧૦/૨૦૨૨
(૩) એજન્સી મે. બી & કે એન્ટરપ્રાઈઝ તા.૧૯/૧૦/૨૦૨૩ ના પત્રની રજૂઆત
(૪) ગા.જા.નં. ૨૨૦૮ તા. ૦૨/૦૨/૨૦૨૪
(૫) ગા.જા.નં. ૨૨૮૩ તા. ૦૯/૦૨/૨૦૨૪
(૬) ગા.જા.નં. ૨૩૪૦ તા. ૧૯/૦૨/૨૦૨૪
(૭) ગા.જા.નં. ૨૬૫૨ તા. ૩૦/૦૩/૨૦૨૪
(૮) ગાર્ડન કચેરી કમિશનરશ્રી મંજુરી નં.૫૧ તા.૨૪/૦૫/૨૦૨૪

ભાવનગર મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગ હસ્તકના અકવાડા લેકમાં પ્રવેશ ફી, પાર્કિંગ ફી અને ટ્રેન ફી અત્રેથી નિયત કરેલ દરો મુજબ ઉઘરાવી ૫ વર્ષ માટે વાર્ષિક લાઈસન્સ ફી વસુલીને ચલાવવા માટેનું કામ અંગે એજન્સીશ્રી મેસર્સ બી.&કે એન્ટરપ્રાઈઝ પાસેથી ટેન્ડર સંદર્ભ (૦૧) થી ૫ વર્ષ કામ કરાવવા મંજૂરી મળેલ હતી. સંદર્ભ (૦૨) થી એજન્સી દ્વારા કામના એગ્રીમેન્ટ (કરાર) કરી આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિષય સંદર્ભ (૦૧) ના ઠરાવ મુજબ અકવાડા લેક ગાર્ડનમાં વિવિધ પ્રકારની ફી ઉઘરાવવાના કામ એજન્સીશ્રી મેસર્સ બી.& કે. એન્ટરપ્રાઈઝને આપવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ-(૦૩) ની એજન્સીની રજૂઆત મુજબ મુજબ મળેલ મંજૂરી થી એજન્સી દ્વારા દર ત્રિ-માસિક ફી રૂ. ૨,૩૧,૨૫૦/- ભરપાઈ કરવા હપ્તા કરી આપવામાં આવેલ હતી. એજન્સી દ્વારા બીજા વર્ષની પ્રથમ ત્રિ-માસિક ફી પેનલ્ટી સહીત ભરપાઈ કરવામાં આવેલ હતી. ત્યારબાદ અકવાડા ગાર્ડન ખાતે એજન્સીશ્રી મેસર્સ બી.& કે. એન્ટરપ્રાઈઝ દ્વારા શ્રમયોગીઓ દુર કરી કામ બંધ કરવામાં આવેલ. એજન્સી દ્વારા બીજા ત્રિ-માસિક ની ફી રૂ. ૨,૩૧,૨૫૦/- ભરપાઈ કરવાની થતી હોય, જે ભરપાઈ કરી કામગીરી ચાલુ કરવા સંદર્ભ (૦૪) થી નોટીસ આપી જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં એજન્સીશ્રી મેસર્સ બી.& કે. એન્ટરપ્રાઈઝ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. સંદર્ભ (૦૫) ના પત્રથી એજન્સી દ્વારા ભરવામાં આવેલ રકમ રૂ. ૨,૩૮,૧૮૮/- ની રકમ અન્વયે



કોમ્પ્યુટર વિભાગ
ઈન્વર્ડ નંબર 820
તા. 20/06/2024

શ્રી હિંમતભાઈ
21/6

એજન્સીનો GST નંબર તા.૧૫/૦૩/૨૦૨૩ ની અસરથી રદ્દ થયેલ હોય ૧૮% GSTની રકમ જમા કરાવવા અન્યથા વેલીડ GST નંબરની જાણ કરવા જણાવવામાં આવેલ જે કાર્યવાહી પણ એજન્સી દ્વારા કરવામાં આવેલ ન હોય, તમામ બાબતો ધ્યાને લઇ તાત્કાલિક ધોરણે ફી ભરપાઈ કરી અકવાડા ગાર્ડન ખાતે એજન્સી દ્વારા કામગીરી નિયમ મુજબ ચાલુ કરવા સંદર્ભ-(૦૬) થી નોટીસ આપી જણાવવામાં આવેલ પરંતુ એજન્સી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ત્યારબાદ માન. કમિશ્નરશ્રીની સુચના મુજબ સંદર્ભ-(૦૭) થી નોટીસ આપી રજૂઆતની તક આપવામાં આવેલ છે, પરંતુ એજન્સી દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી કે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી.

આમ ઉપરોક્ત વિગતે એજન્સી દ્વારા માન. કમિશનરશ્રીની કોઈપણ પ્રકારની લેખિત મંજુરી વિના કામ બંધ કરવામાં આવેલ છે તથા આજ દિન સુધી બીજા ત્રિમાસિક હપ્તાની રકમ ભરપાઈ કરી કામ ચાલુ કરવામાં આવેલ નથી. જેથી એગ્રીમેન્ટની શરત નં.(૨૩) મુજબ એજન્સી ની ડીપોઝીટ ફોરફીટ કરવા તથા સંદર્ભ-(૦૮) થી મળેલ મંજુરી મુજબ એજન્સીશ્રી મેસર્સ બી.& કે. એન્ટરપ્રાઈઝને મંજુરી મળ્યા તારીખથી ૫ (પાંચ) વર્ષ (તા.૨૩/૦૫/૨૦૨૯ સુધી) માટે કાળીયાદી (બ્લેકલીસ્ટ) માં મુકવા તેમજ ભવિષ્યમાં ૫ વર્ષ (તા.૨૩/૦૫/૨૦૨૯) સુધી આ એજન્સીના ટેન્ડરો ધ્યાનમાં ન લેવા હુકમ કરવામાં આવે છે.

"નોંધ પર માન.કમિશનરશ્રીની આજ્ઞાનુસાર"

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ
ગાર્ડન વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.

નકલ રવાના :-

(૧) કોન્ટ્રાકટર શ્રી મે બી & કે એન્ટરપ્રાઈઝ
(૨) ડેપ્યુટી.કમિશનરશ્રી એડમીન (મહેકમ) વિભાગ
(૩) ડેપ્યુટી કમિશનરશ્રી જનરલ મહાનગરપાલિકા ભાવનગર
(૪) ડેપ્યુટી કમિશનરશ્રી આસિસ્ટન્ટ મહાનગરપાલિકા ભાવનગર
(૫) સીટી. એન્જી.શ્રી
(૬) ઓડીટ વિભાગ
(૭) એકાઉન્ટ વિભાગ
(૮) EDP વિભાગ
(૯) સંબંધિત તમામ વિભાગો, મહાનગરપાલિકા ભાવનગર
(૧૦).R. & .B. (સ્ટેટ) પાનવાડી ભાવનગર જાણસારૂ
(૧૧) R. & B. (પંચાયત) જીલ્લા પંચાયત ભાવનગર જાણસારૂ
(૧૨) GWSSB ભાવનગર જાણસારૂ